# ન્યૂઝ લાઈન સીધા સમાચાર

E-mail : newslinesidhasamachar@yahoo.co.in www.newslinesidhasamachar.com

RNI NO. 63875/96-Ahmedabad POST. REG.NO.GAMC-1845/2012-2014 Valid upo 31 Dec.,2014 Posting at A'bad RMS


# નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગ વિકાસ ચેમ્બર દ્વારા એક દિવસની પરિષદનું આયોજન કરવામાં આવ્યું

અમદાવાદ,તા.૨૨

નાના અને મધ્યમ વેપાર ઉદ્યોગ વિકાસ ચેમ્બરના ગુજરાત વિભાગના જનરલ મેનેજર જયેશભાઈ ધોળકીયાએ આજે અહીં જણાવ્યું હતું કે ગુજરાતમાં નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો આર્થિક રીતે ભારે મુશ્કેલી અનુભવી રહ્યાં છે આવા ઉદ્યોગો ચલાવવા મુશ્કેલ બન્યુ છે.ગુજરાત સરકાર મોટા ઉદ્યોગો માટે બે વર્ષના અંતરે વાયબ્રન્ટ ગુજરાત કરે છે. તે રીતે ગુજરાત સરકારે વાયબ્રન્ટ નાના અને મધ્યમ વર્ગના ઉદ્યોગો માટે વાયબ્રન્ટ ગુજરાત કરવું જોઈએ

આજે અહીં મુંબઈ સ્થિત નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગ વિકાસ ચેમ્બર દ્વારા એક દિવસની પરિષદનું આયોજન કરવામાં આવ્યુ હતું આવા નાના અને મધ્યમ વર્ગના ઉદ્યોગોની મુશ્કેલી માટે આજે અહીં યોજાયેલી આ પરિષદમાં આવા નાના ઉદ્યોગોને બચાવવા માટે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

જુદીજુદી બેંકો અને ગુજરાત ઉપરાંત મુંબઈના નાના અને મધ્યમ વર્ગના ઉદ્યોગોના પ્રતિનિધિઓએ આ એક દિવસની પરિષદમાં આજે ભાગ લીધો હતો.

આ પરિષદમાં આવી સંસ્થાના મુંબઈના ઉદ્યોગપતિ ઉપરાંત ગુજરાતના જુદાજુદા શહેરોમાંથી આવેલા પ્રતિનિધિઓએ હાજરી આપી હતી આ પરિષદની શરૂઆતમાં જયેશ ભાઈ ધોળકીયાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો ધીરે ધીરે બંધ થતા જાય છે. આ ઉદ્યોગોને બચાવવા માટે સરકારે પગલા ઉઠાવવા જોઈએ

તેમણે કહ્યું હતું કે એક પરિવારમાં ત્રણ પુત્રો હોય છે ત્યારે સૌથી મોટા અને સૌથી નાના એમ બે પુત્રને પરિવારમાં ગણુ વ્હાલ અને પ્રેમ મળતા હોય છે સૌથી મોટો પુત્ર અને સૌથી નાનો પુત્ર આગળ વધે તે માટે પરિવારમાં પગલા ઉઠાવવામાં આવે છે.પરંતુ વચલના નંબરના પુત્ર તરફ પરિવારનું દુર્લક્ષ સેવાય છે.

આજ રીતે ગુજરાતમાં પણ સૌથી મોટા ઉદ્યોગોને વાયબ્રન્ટ ગુજરાતમાં ભાગ લેવા મળે છે અને મોટા ઉદ્યોગ માટે સંપૂર્ણ સહાયતા આપવામાં આવે છે આવી જ રીતે નાના પુત્ર તરફ પણ પરિવાર તરફથી ચોક્કસ ધ્યાન આપવામાં આવે છે પરંતુ વચલા પુત્ર તરફ દુર્લક્ષ સેવાય છે તેવી રીતે ઉદ્યોગ જગતમાં પણ સૌથી મોટા અને સૌથી નાના ઉદ્યોગોના વિકાસ માટે પુરેપુરી મદદ અને સહાયતા કરવામાં આવે છે પરંતુ મધ્યમ સ્તરના ઉદ્યોગો તરફ ધ્યાન આપવામાં આવતુ નથી. આથી દર બે વર્ષે જેમ વાયબ્રન્ટ ગુજરાત યોજવામાં આવે છે તેવી રીતે નાના અને મધ્યમ ઉદ્યોગોના વિકાસ માટે એક વાયબ્રન્ટ ગુજરાતનું આયોજન કરવું જોઈએ

## ગુજરાતમાં નાના અને મધ્યમ ઉદ્યોગો ભારે આર્થિક મુશ્કેલી ભોગવી રહ્યાં છે : ગુજરાત સરકાર નાના મધ્યમ ઉદ્યોગો માટે વાયબ્રન્ટ કરે : જયેશભાઈ ધોળકીયા